સસ્તી સુખડી ને સીદ્ધપુરની જાત્રા.

દિલપસંદ

રમુજી ગાયનો.

લેખક—જોશી જયરામ રવજી ભાગલીઆ.

———:(০):———

રચી પ્રસિદ્ધ કરનાર,

જોશી જયરામ રવજી ભાગલીઆ

કચ્છ—માંડવીવાળા.

———

ઠે૦ ધરમસીંહ ભવાનજી ઉનવાળાનો

માળામાં, કાંદાવાડી—મુંબઇ.

———

આવૃત્તિ ૧ લી. પ્રતો ૨૦૦૦

સંવત ૧૯૭૧ સને ૧૯૧૫

કીંમત ૩ પાઈ.

રતિલાલ હરજીવન પરેખે શ્રી કૃષ્ણ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

નં, ૯, અનંતવાડી—મુંબઇ ૨.

દિલપસંદ રમુજ રમકડું.

ઇશ્વર પ્રાર્થના.

લાવણી ૧.

મહારાજ ત્રીભુવન પતી, અલૌકીક ગતી આપની જોઈ,
સંતુષ્ટ થયા છું આજ, પ્રગટ સહુ કોઈ.
છો દિનબંધુ સમ તુલ્ય, ન્યાય કરનારા,
શરણાંગતના પ્રતીપાલ, હરો દુઃખ મારા.

ફળ રહ્યો ભોગવિ, પાપ તણાં હું જાતે;
તે છતાં હજુ નીત નવા, કરૂં છું હાથે.
કાયર થઈને ક્યાં રહું, કહો મમ પ્યારા;
શરણાંગતનાં પ્રતીપાલ, હરો દુઃખ મારા.

કહી શકું કેમ હું, દુખ અન્યની પાસે,
અપકિર્તિ મારી થાય, જગતમાં વાંસે;
જગ આખાનાં જન સમુહ, આપથી હાર્યા,
શરણાંગતના પ્રતીપાલ, હરો દુઃખ મારા.

લક્ષ્મિ પણ દે છે ત્રાસ, રહે નહિ પાસ હવે શું કરવું;
રરોજ માપીને શેર ખાડમાં ભરવું;
ાઇ લેણદાર પણ હશે અમોપર ન્યારા,
રણાંગતનાં પ્રતીપાલ, હરો દુઃખ મારા.

નીજ દર્શનની અભિલાશ, રહી મનમાંહી;
કરમાં લેખણુ લઇ, કથન કરૂં છું આંહી;
જયરામ દાસનાં, પ્રભુ આંખનાં તારા,
શરણાંગતના પ્રતીપાલ, હરો દુઃખ મારા.

મીત્ર સુદામો.

કવાલી ૨.

છડીદારે કહ્યું આવી, દ્વારે કોઇ સંત આવ્યા છે;
દિસે છે દુબળા પોતે, વિચિત્ર ભેટ લાવ્યા છે.—ટેક.

પ્રભુ દોડયા તુરત ત્યાંથી, આવી ભેટ્યા સુદામાને;
ખબર મુજને પડી હમણાં, દ્વારે કોઇ સત આવ્યા છે-છડીદારે.

ચાલો ચાલો હવે ઘરમાં, પાણી તૈયાર છે. ઉનું,
અંગુછો આપવા તમને, જાંબુવંતી પધાર્યા છે—છડીદારે.

સ્વહસ્તે શ્રી પ્રભુએ ત્યાં, લેપન કીધાં રૂડા અત્તર;
મળીને આઠ પટરાણી, સુદામાને નવાડે છે—છડીદારે.

ચાંદીના સ્વચ્છ પાત્રોમાં, સામગ્રી ગોઠવી સત્વર;
પોતાનાં મીત્રને કાજે, પ્રભુજીએ રખાવ્યા છે—છડીદારે.

ભોજન મન ભાવતાં કરવાં, બેસાડી પાટલા ઉપર;
ચમર ઢોળી રહી દાસી, ભુવન પ્રભુએ દિપાવ્યા છે—છડીદાર.
ચાલે છે પ્રેમની વાતો, નીરાંતે થાય છે ભોજન;
ભાગલીઆ એ કૃપાધિસે, કરજ કોટી ચુકાવ્યા છે—છડીદારે.

કવાલી ૩

દ્વારીકાની બધી વસ્તુ, અમારા મિત્રને માટે.
હું પણ બેશી રહ્યો છુ તે, અમારા મીત્રને માટે.
જુવો મારી હવે શ્રદ્ધા, કહુંછુ દાખલા તરીકે;
મધઇની લાવજો પટ્ટી, અમારા મીત્રને માટે,
લાવ્યો છું બાટલી કાલે, રૂપૈયા વીસ ખરચીને;
અત્તરદાની ભરી લાવો, અમારા મીત્રને માટે.
હજુ તો છે ઘણું બાકી, આવે છે યાદ કયાં મુજને;
થંડું પાણી ભરી લાવો, અમારા મીત્રને માટે,
ચાંદીની ઘુઘરીવાળો, મુકયો છે કયાં પેલો પંખો;
પ્રીયા તું લાવને વહેલી, અમારા મીત્રને માટે.
દિઠાં તાંદુલ કે તુરતજ, મંડયાં આરોગવા પોતે;
બનાવું દ્વારીકા બીજી, અમારા મીત્રને માટે.

કૃપાળુએ કરી વરદી, બનાવો મેલ સોનાના;
મોકલજો દાસીઓ રૂડી, અમારા મીત્રને માટે.

વસ્ત્ર વિનોદ.

કવાલી ૪

ધ્રુજે છે ટાઢથી તનડું, સખીરી શું હવે કરીએ;
કાનુડો એમ નહિં માંને, કહો તો વૃક્ષ પર ચઢીએ. ટેક.

વચે બોલી ઉઠી બીજી, સખી એતો બધું ઠીકજ;
અરે પણ આ બધા વાનાં, ઢાંકીને કયાં સુધી ફરિયે-ધ્રુજેછે.

પ્રભુ મનમાં હસ્યા ત્યારે, જુઓ આ પ્રેમનો ફારસ;
વિતે છે આટલું તો પણ, ધરે છે ધ્યાન હર ઘડીએ-ધ્રુજે છે.

ઉપાડી વસ્ત્ર જાવાનું, પ્રથમ પુછી જુવો કારણ;
ચપળ છે નંદનો છયો, દિવાના આપણે ઠરીએ—ધ્રુજે છે.

મળી સૌ એકઠી ગોપી, લાગી સૌ અર્જ કરવાને;
કરીને હાથ બે ઉંચાં, લજારાખી નહિં જરીએ-ધ્રુજે છે.

પરિક્ષા પ્રેમની કરવા, લડાવેલી હતી યુકતી;
ન રાખ્યો ભેદ જે વારે, પોંચાડી પાર શ્રી હરિએ-ધ્રુજે છે.

પોતાનું અંગ પોતાને, જણાતું છે નહિં જો કે,
કહે જયરામ શી રીતે, ભવાબ્ધીને અમો તરીયે—ધ્રુજે છે.

પ્રેમની પરીક્ષા.

કવાલી ૫.

મોડી રાતે તમો આવ્યા, સાચે સાચુ કહો કારણુ,
નીરખવા શ્યામ સુંદરને. બીજુ તે શુ તરણુ તારણુ. ટેક
વસે છે વાઘને ચીંત્રા, કરોડો સાપને વીંછી,
ખબર નહોતી તમોને કે, સાચે સાચું કહો કારણુ,
પતી પણુ વાટ છે જોતાં, નાનકડા બાળકો રોતાં;
અને ગાયો તજી શાને. સાચે સાચું કહો કારણુ.
રૂદન કરતાં હશે અર્ભક, તમારૂં નામ લઇ લઇને,
છાના રહેશે કેવી રીતે, સાચે સાચું કહો કારણુ,
એકંદર સત્ય વસ્તુનો, અભાવો કાં થયો અમને,
તમો જયરામ તેનુ સો, સાચે સાચું કહો કારણુ,

પામર તે પામર ને ઇશ્વર તે ઇશ્વર.

કવાલી ૬.

વસે છે કયાં પ્રભુ કહેશો, સમર્થ છે તમારામાં,
ઘડી પળમાં જનારાઓ, સમર્થ છે તમારામાં,
નાની વયમાં તમોને હું, મુકી દઉં છું ગાડા હેઠળ,
અણીસુધ માતને મળવું, સમર્થ છે તમારામાં.
દગો કરવા મંડી માસી. ચખાડું છું સબુર માતા,
એવું કહીને ચુસી કાઢી, સમર્થ છે તમારામાં.
બચાવ્યા પ્રાણ ગોપાનાં, ઘણાં વિઘ્નો થકી જેણે,
માકણ જુંને બચાવાની, સમર્થ છે તમારામાં.
હઠી પણ નાગની એણે, નરમ કીધી મીનીટ દસમાં,
પમાડી શાંત નાગણીઓ, સમર્થ છે તમારામાં.
નવા કમઠાણને જોઇ, વિરંચી પણ થયા વિસ્મય,
કલા સંપુર્ણ છે પ્રભુમાં, સમર્થ છે તમારામાં.
છતેડી હોય બચ્ચાની, એવી રીતે ગોવરધનને,
થંભી રાખ્યો કહો કોણે, સમર્થ છે તમારામાં.
મદોનમત ગોપીઓ સાથે, રમ્યો છે કાનુડો મારો,
તણખલું તોડવાની પણ, સમર્થ છે તમારામાં.
અમારા કૃષ્ણને દુસ્ટો, વ્યભીચારી કહો છો કે,
કહે જયરામ યત્કિંચીત સમર્થ છે તમારામાં.

|સમાપ્ત.|

ઘરાકોને સુચના.

અમારા દરેક પુસ્તકો કે જે દેશ દેશાવર ગુજરાત કાઠીયાવાડ તેમજ કચ્છ પ્રાંત વિગેરેમાં ઘેરેઘેર વંચાઇ રહે છે. તે પૈકી હાલમાં તૈયાર છે તેની વિગત.

					રૂ. આ
સંગીત ભગવદ્ગીતા	....	...	....	...	૦–૮
જમાનાનો જલસો	...	...	...	...	૦–૪
કિર્તન ચંદ્રોદય	...	...	...	...	૦–૧
દિલખુશ કવાલીસંગ્રહ		...	....	....	૦–૧–૦
ઉસ્તાદી કાવ્ય કુંજબિહારી		....	....	...	૦–૧–૦
સ્ત્રી ભૂષણ ગરબાવળી...		....	...	...	૦–૦–૬
ભોળાનાથ મહાદેવની સ્તુતી		....	...	....	૦–૦–૩

બહાર ગામના ઘરાકોએ અમારે સરનામે પત્ર લખી મોકલવાથી દરેક પુસ્તકો વિ. પી. મારફતે ટપાલમાં મોકલી આપશું ટપાલ ખરચ મંગાવનાર ધણી ઉપર.

કવિ ભાગલીયા કચ્છ–માંડવીવાલા.

ઠે૦ ધરમસી ભવાનજી ઉનવાલાનાં માળામાં,

કાંદાવાડી—મુંબઇ.